## લાલપુરાના દેવસ્થાનોમાં વર્ષભર ધાર્મિક પ્રવૃત્તિઓ, તહેવારોની ઉજવણીથી ભક્તિનો માહોલ રહે છે


મહાકાળી માતા મંદિર


શ્રી ભાથીજી મહારાજ મંદિર

લાલપુરા ગામ ધાર્મિક આસ્થા, સાંસ્કૃતિક પરંપરાના જીવંત કેન્દ્ર તરીકે આગવી ઓળખ ધરાવે છે. ગામના વિવિધ વિસ્તારોમાં અનેક દેવસ્થાનો, આશ્રમો અને ધાર્મિક સંસ્થાઓ આવેલાં હોવાથી વર્ષભર ભક્તિમય વાતાવરણ જોવા મળે છે.

ગામમાં પરંપરાગત રીતરિવાજો અનુસાર નવરાત્રી, હોળી-ધુળેટી, રામનવમી, જન્માષ્ટમી સહિતના વિવિધ હિંદુ તહેવારો શ્રદ્ધા અને ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવે છે. દરેક ધાર્મિક પ્રસંગે ગામજનો મોટી સંખ્યામાં જોડાઈ ધાર્મિક કાર્યક્રમો, પૂજન-અર્ચન અને ભજન-કીર્તન દ્વારા


શ્રી સ્વામિનારાયણ મંદિર

આસ્થાની અભિવ્યક્તિ કરે છે. તહેવારો માત્ર ધાર્મિક કાર્યક્રમો પૂરતા સીમિત રહેતા નથી, પરંતુ ગામમાં એકતા, ભાઈચારો અને સામાજિક સૌહાર્દને પણ વધુ મજબૂત બનાવે છે.


મેલડી માતાજી મંદિર

લાલપુરાના મુખ્ય દેવસ્થાનોમાં શ્રી મહાદેવજી મંદિર, શ્રી ભાથીજી મહારાજ મંદિર, શ્રી સ્વામીનારાયણ મંદિર, શ્રી જોગણી માતાનું શિખરબંધી મંદિર, શ્રી વહેરાઈ માતાજી મંદિર, શ્રી ખોડીયાર માતાજી, શ્રી મેલડી માતાજી તેમજ શ્રી કાળકા માતાજી મંદિર સહિતના પવિત્ર ધામોનો સમાવેશ થાય છે. આ મંદિરો ગામની આધ્યાત્મિક ઓળખને વધુ ઉજાગર કરે છે.

દરરોજ સવાર અને સાંજના સમયે મંદિરોમાં થતી આરતી, ઘંટનાદ અને ઝાલરોના મધુર રણકારથી સમગ્ર ગામનું વાતાવરણ ભક્તિમય બની જાય છે. આ પવિત્ર ધ્વનિ માત્ર મંદિરો પૂરતો સીમિત રહેતો નથી, પરંતુ સમગ્ર ભાગોળમાં આધ્યાત્મિક ઉર્જાનો સંચાર કરે છે. ગામના તમામ સમાજ અને જ્ઞાતિના લોકો નિયમિતપણે દેવદર્શન માટે મંદિરોમાં પહોંચે છે, જે લાલપુરાની એકતા, સમરસતા અને સર્વધર્મ સમભાવની ભાવનાને જીવંત રાખે છે. આજે લાલપુરા ગામ આસ્થા, સંસ્કૃતિ અને સામાજિક એકતાનો સુંદર સમન્વય રજૂ કરતું પ્રેરણાદાયી ગામ બની રહ્યું છે.


રામેશ્વર મહાદેવ મંદિર

# ગ્રામ પંચાયતના સુશાસનથી મૂળભૂત સુવિધાઓથી સમગ્ર લાલપુરા ગામ સમૃદ્ધ અને સુંદર બન્યું છે




આંકલાવ તાલુકાનું લાલપુરા ગામ આજે સુવ્યવસ્થિત ગ્રામ વિકાસનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યું છે. ગ્રામ પંચાયત અને સરપંચના સુશાસન હેઠળ ગામમાં મૂળભૂત સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવતાં ગ્રામજનોને દૈનિક જીવન માટે જરૂરી તમામ સેવાઓ સરળતાથી ઉપલબ્ધ બની છે. વિકાસલક્ષી અભિગમ અને પારદર્શક વહીવટના કારણે ગામમાં સતત પ્રગતિનો માહોલ સર્જાયો છે.

ગ્રામ પંચાયત દ્વારા પીવાના શુદ્ધ પાણીની નિયમિત વ્યવસ્થા, પૂરતી વીજ પુરવઠાની સુવિધા અને ગામના આંતરિક તેમજ મુખ્ય રસ્તાઓનું યોગ્ય જાળવણી કાર્ય કરવામાં આવ્યું છે. સ્વચ્છતા અભિયાનને પણ મહત્વ આપવામાં આવતાં ગામમાં સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણ જળવાઈ રહ્યું છે. સરકારી યોજનાઓનો લાભ ગામના દરેક વર્ગ સુધી પહોંચે તે માટે પંચાયત સતત પ્રયત્નશીલ રહી છે.

સરપંચના માર્ગદર્શન હેઠળ ગ્રામ પંચાયત ગામના સર્વાંગી વિકાસ માટે આયોજનબદ્ધ રીતે કામગીરી કરી રહી છે. વિકાસના દરેક નિર્ણયમાં ગ્રામજનોની ભાગીદારીને પ્રાધાન્ય આપવામાં આવે છે, જેના કારણે લોકોમાં પંચાયત પ્રત્યે વિશ્વાસ અને સહભાગિતાની ભાવના વધુ મજબૂત બની છે. ગામના વિકાસ સાથે સામાજિક સમરસતા અને ભાઈચારાને પણ સમાન મહત્વ આપવામાં આવી રહ્યું છે.

ખેતીપ્રધાન એવા લાલપુરા ગામના લોકો મહેનત, સંસ્કાર અને સામૂહિક ભાવનાને જીવનમંત્ર માની આગળ વધી રહ્યા છે. પરંપરાગત મૂલ્યોને જાળવી રાખતાં આધુનિક વિકાસને અપનાવનારું આ ગામ અન્ય ગામો માટે પણ પ્રેરણારૂપ બન્યું છે. ગ્રામ પંચાયતની વિકાસલક્ષી કામગીરી અને ગ્રામજનોના સહકારના કારણે લાલપુરા સતત પ્રગતિના નવા સોપાનો સર કરી રહ્યું છે.

### ગ્રામ પંચાયત ટીમ

**સરપંચ** - જાદવ રતનબેન કમલેશભાઈ, **ડે.સરપંચ** - પટેલ યશવંતભાઈ પુનમભાઈ, **સા.ન્યાય ચેરમેન**- વણકર જશુમતીબેન રમેશભાઇ, **સભ્યો** : જાદવ કમળાબેન ચીમનભાઈ, પટેલ સુકેશાબેન શૈલેષભાઈ, પઢિયાર તેજલબેન રામસિંહ, જાદવ હંસાબેન વિનોદભાઈ, ભાંભોર મહેન્દ્રભાઈ રમેશભાઈ, ચૌહાણ લક્ષ્મીબેન ડાહ્યાભાઇ

# લાલપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી છેલ્લા છ દાયકાથી પશુપાલકોની આર્થિક સમૃદ્ધિનું મજબૂત કેન્દ્ર છે



**દુધ ઉત્પાદનથી રોજગારી, આત્મનિર્ભરતા અને ગ્રામ વિકાસને સતત ગતિ મળી રહી છે**

આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના લાલપુરા ગામની દુધ ઉત્પાદક સહકારી મંડળી છેલ્લા ૬૦ વર્ષથી પણ વધુ સમયથી ગામના પશુપાલકો માટે આર્થિક આત્મનિર્ભરતાનું મજબૂત કેન્દ્ર બની રહી છે. સહકારી ભાવનાથી કાર્યરત આ મંડળીએ ગામના અનેક પરિવારોના જીવનધોરણમાં સુધારો લાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. પશુપાલન આજે લાલપુરાના ખેડૂતો માટે ખેતીની સાથે આવકનો મહત્વનો આધારસ્તંભ બની ગયો છે. ગામના પશુપાલકો પોતાના દુધાળા પશુઓનું દુધ દરરોજ સવાર અને સાંજના સમયે દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં જમા કરાવે છે. દુધ વેચાણથી મળતી નિયમિત આવકના આધારે પરિવારો પોતાના દૈનિક ખર્ચ, બાળકોના શિક્ષણ, સામાજિક પ્રસંગો તેમજ અન્ય ઘરેલુ જરૂરિયાતો સરળતાથી પૂર્ણ કરી રહ્યા છે. આ રીતે દુધ મંડળી ગામના આર્થિક જીવનચક્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

લાલપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળીની સ્થાપના **(સ્થાપના તારીખ ઉમેરવાની બાકી)**ના રોજ કરવામાં આવી હતી. સ્થાપનાથી લઈને આજદિન સુધી મંડળી સહકારી સિદ્ધાંતોને અનુસરી પારદર્શક અને સુવ્યવસ્થિત રીતે કામગીરી કરી રહી છે. દર વર્ષે યોજાતી સાધારણ સભામાં મંજૂર થયેલા ઠરાવ મુજબ સભાસદોને પેટા કાયદાની જોગવાઈઓ અનુસાર બોનસનું વિતરણ કરવામાં આવે છે, જેનાથી સભાસદોમાં વિશ્વાસ અને સહકારની ભાવના વધુ મજબૂત બને છે. મંડળીના વહીવટી કારોબાર માટે પાંચ વર્ષના કાર્યકાળ માટે ૧૧ સભ્યોની વ્યવસ્થાપક કમિટી રચવામાં આવે છે. કમિટીમાં ચેરમેન, વાઇસ ચેરમેન સહિતના હોદ્દેદારો મંડળીનું સુચારુ સંચાલન, સભાસદોના હિતોની જાળવણી અને વિકાસલક્ષી નિર્ણયો લેવામાં મહત્વપૂર્ણ જવાબદારી નિભાવે છે.

પશુપાલન અને સહકારી ચળવળના સુમેળથી લાલપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી આજે માત્ર દુધ એકત્રિત કરવાનું કેન્દ્ર નથી, પરંતુ ગામના આર્થિક વિકાસ, આત્મનિર્ભરતા અને ગ્રામ સમૃદ્ધિનું પ્રેરણાદાયી મોડેલ બની રહી છે. સતત વિકાસ અને સભાસદોના વિશ્વાસના બળે મંડળી ગ્રામ્ય અર્થતંત્રને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

## લાલપુરામાં માધ્યમિક શાળાના અભાવે ઉચ્ચ શિક્ષણ મેળવવામાં વિદ્યાર્થીઓ માટે વિકટ સ્થિતિ છે

**ગામમાં ધો.૮ પછી અન્ય ગામોમાં અભ્યાસ માટે જવું પડે છે, ગ્રામજનો સરકારી માધ્યમિક શાળાની માંગ કરી રહ્યા છે**

આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના લાલપુરા ગામમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સુવિધાના અભાવે વિદ્યાર્થીઓ અને વાલીઓ લાંબા સમયથી મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ગામમાં ધોરણ ૧થી ૮ સુધીની પ્રાથમિક શાળાની વ્યવસ્થા ઉપલબ્ધ હોવાથી પ્રાથમિક શિક્ષણ સરળતાથી મળી રહે છે, પરંતુ ધોરણ ૮ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓને આગળના અભ્યાસ માટે અન્ય ગામોનો સહારો લેવો પડે છે. ગામમાં સરકારી માધ્યમિક શાળા ન હોવાથી વિદ્યાર્થીઓને ધોરણ ૯થી ૧૨ સુધીના અભ્યાસ માટે ભાદરણ, કિંખલોડ, કોસિન્દ્રા, બોરસદ અથવા આંકલાવ જેવા સ્થળોએ દરરોજ અવરજવર કરવી પડે છે. રોજિંદી મુસાફરી, પરિવહનની મર્યાદિત સુવિધા અને વધારાના ખર્ચને કારણે વિદ્યાર્થીઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ખાસ કરીને આર્થિક રીતે નબળા પરિવારો માટે બાળકોને ગામ બહાર અભ્યાસ માટે મોકલવું પડકારરૂપ બની રહે છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, લાલપુરાની વધતી વસતી, પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ આસપાસના ગામોની જરૂરિયાતને ધ્યાનમાં લેતા અહીં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની સ્થાપના સમયની માંગ બની ગઈ છે. ગામમાં જ આ સુવિધા ઉપલબ્ધ થાય તો વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે ભટકવું નહીં પડે તેમજ શિક્ષણમાં ડ્રોપઆઉટનું પ્રમાણ પણ નોંધપાત્ર રીતે ઘટી શકે. શિક્ષણને વિકાસનો પાયો માનવામાં આવે છે ત્યારે લાલપુરા જેવા વિકસતા ગામમાં માધ્યમિક શિક્ષણની અછત ગંભીર પ્રશ્ન બની રહી છે. ગ્રામજનોએ રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગને ગામમાં સરકારી માધ્યમિક શાળાને શરૂ કરી આપવા અપીલ કરી છે.

## પ્રાથમિક શાળામાં કમ્પ્યુટર લેબ, બાયસેગ જેવી આધુનિક શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ છે

લાલપુરા ગામની સરકારી પ્રાથમિક શાળા એક સદીથી વધુ સમયથી શિક્ષણનું અજવાળું ફેલાવી રહી છે. ૧૫ ઓગસ્ટ ૧૯૦૨માં અંગ્રેજોના શાસનકાળ દરમિયાન સ્થાપિત થયેલી આ શાળાએ ૧૨૦ વર્ષથી પણ વધુ સમય દરમિયાન હજારો વિદ્યાર્થીઓના જીવનને નવી દિશા આપી છે. શરૂઆતમાં બાળવર્ગ તથા ધોરણ ૧થી ૪ સુધી મર્યાદિત રહેલી શાળા સમય જતાં વિસ્તરી આજે ધોરણ ૧થી ૮ સુધીનું ગુણવત્તાયુક્ત શિક્ષણ આપતી પે-સેન્ટરની અગ્રણી શાળા તરીકે ઓળખ ધરાવે છે.

આ શાળામાંથી શિક્ષણ મેળવનારા અનેક વિદ્યાર્થીઓ આજે શિક્ષક, નર્સ, સુપરવાઈઝર, ટેકનિશિયન સહિત વિવિધ સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં જવાબદારીભર્યા હોદ્દા પર સેવા આપી રહ્યા છે, ધોરણ ૮ બાદ વિદ્યાર્થીઓ હાલમાં પણ કોસિન્દ્રા, કિંખલોડ, કોઠીયાખાડ અને ભાદરણ જેવી શાળાઓમાં ધોરણ ૯થી ૧૨ સુધીનો અભ્યાસ આગળ વધારે છે. અહીં દર વર્ષે પ્રવેશોત્સવ, રમતોત્સવ, ગરબા સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમો, વિવિધ શૈક્ષણિક હરિફાઈઓ તેમજ સ્વતંત્રતા દિવસ, પ્રજાસત્તાક દિવસ સહિતના તમામ રાષ્ટ્રીય તહેવારો ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવે છે.

જૂનું શાળા મકાન જર્જરિત બનતાં સરકાર દ્વારા નવા વર્ગખંડોનું નિર્માણ કરવામાં આવ્યું છે. શાળામાં કમ્પ્યુટર લેબ, બાયસેગ (BISAG) જેવી આધુનિક શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી વિદ્યાર્થીઓને ટેક્નોલોજી આધારિત શિક્ષણનો લાભ મળી રહ્યો છે. ઉત્સાહી અને સમર્પિત શિક્ષકો, ગામજનોનો સતત સહકાર તથા આધુનિક સુવિધાઓના સમન્વયથી લાલપુરા પ્રાથમિક શાળા શિક્ષણ ક્ષેત્રે સતત નવી સિદ્ધિઓ હાંસલ કરી રહી છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સંસ્કારના સમન્વય સાથે આ શાળા આજે સમગ્ર વિસ્તાર માટે પ્રેરણારૂપ શિક્ષણ સંસ્થા તરીકે પોતાની આગવી ઓળખ જાળવી રાખી છે.




(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)